# ચોર કદાચ બા કરતાં વધુ જરૂરિયાતવાળો કે પછી એ નિષ્ઠુર

આપણી આસપાસ

★ મિત્તલ પટેલ

શકીનાબાની જિંદગી આમેય એકલી. વર્ષો પહેલાં એમના પતિએ એમના દીકરાને પોતાની પાસે લઈ એમને તલાક આપી દીધા. એક દિવસ એક માણસ શકીનાબાના ઘરે આવ્યો. એણે કહ્યું, "બા, મારી પાસે પીવાનું પાણી નથી. બહુ તરસ લાગી છે, પાણી આપશો?" શકીનાબાએ એને પાણી આપ્યું. પાણી આપતી વખતે એમને ક્યાં ખબર હતી કે આ જ માણસ થોડા દિવસ પછી એમના ઘરની નાનકડી મૂડી લઈને જતો રહેશે.

બે દિવસ પછી શકીનાબા દરગાહે માગવા ગયાં. સાંજે પાછાં આવ્યાં તો ઘરનું તાળું તૂટેલું. ઘરમાં એમણે માગીને ભેગી કરેલી થોડી પરચૂરણ, થોડાં કપડાં, દસ્તાવેજો જેમાં રેશનકાર્ડ, વૃદ્ધ પેન્શન મળતું હતું એ બેંકની પાસબુક, આધારકાર્ડ, મતદારકાર્ડ હતા. આ સિવાય જે કંઈ નાની-મોટી વસ્તુઓ હતી એ બધું કોઈ લઈ ગયું હતું.



શકીનાબાની આંખો આ કહેતાં કહેતાં ભીની થઈ ગઈ. "મારી મૂડી જતી રહી દીકરી. થોડા પૈસા હોય તો દવા લેવી હોય, ચા પીવી હોય, શાકભાજી લેવું હોય... તો કરી લેત. ઘરમાં કમાવાવાળું તો કોઈ છે નહીં. માંગીને લાવું ને સારું-ખરાબ જે મળે એમાંથી ઘર ચલાવું. પણ હવે... મારી બેંકની ચોપડી ને બીજા કાગળિયા એ લઈ ગ્યો. બેંકમાં સરકારના હજાર જમા થતા એ કેવી રીતે ઉપાડવાના? બેંકમાં ગઈ એ લોકો પણ આધારકાર્ડ આપવા કહે, પણ એય લઈ ગ્યો. શું કરું કાંઈ સમજાતું નથી." અરવલ્લી જિલ્લાના મોડાસામાં શકીનાબા રહે. એમનું હિન્દી એકદમ સ્પષ્ટ. એ જ્યાં રહે ત્યાં પહોંચવા પાક્કા ઘરોથી બાંધેલી એક સોસાયટીમાંથી પસાર થવું પડે ને એ સોસાયટી પત્યા પછી રોડની બાજુમાં એક દિવાલ ને એ દિવાલની અંદર થોડું ચાલીને જાવ ત્યારે શકીનાબાનું ઘર આવે. આમ તો ઘર કહેવા કરતાં પતરાની આડશોથી બાંધેલું ઝૂંપડું કહેવું વધારે ઉચિત.

દિવાલો પતરાંની. છાપરું પણ પતરાંનું. દરવાજો પણ એવો કે કોઈ ચોર તાળું તોડવાની મહેનત ન કરે ને જોરથી એક લાત મારે તો દરવાજો તૂટી જાય. શકીનાબાની ઉંમર થઈ. લાકડીના ટેકે એ ચાલે. દરગાહે ભીખ માગી જે મળે તેમાંથી ગુજારો કરે. એમની સ્થિતિનો ખ્યાલ અમારા કાર્યકર તોહીદભાઈને આવ્યો ને અમે એમને દર મહિને રાશન આપવાનું ચાલુ કર્યું. એટલે એ રોજ માગવા જવાની જગ્યાએ ગુરુવારે જ દરગાહે જાય. અમે આપીએ એ રાશનથી એમને શાંતિ. માગીને જે લાવે એમાંથી એમનો થોડો ખર્ચો નીકળે... આવામાં એમના ઘરમાં ચોરી થઈ. ચોરી થયા પછી બા એટલાં ડરી ગયાં કે કેટલાંક મહિનાઓ સુધી ઘરની બહાર નીકળવાનું પણ બંધ કરી દીધું. અમે એમને દર મહિને રાશન આપીએ. એટલે બે ટંકના ભોજનની ચિંતા થોડે અંશે દૂર થઈ. પણ જીવન માત્ર અનાજથી તો નથી ચાલતું ને? દવા જોઈએ. ચા, શાકભાજી, ક્યારેક નાનકડો ખર્ચો આવી પડે. આ બધું શકીનાબાને મસ્જિદ બહાર લોકો જે અનુદાન આપે એમાંથી ચાલતું. પણ હવે બહાર નીકળે તો ઘરમાંથી બીજું કંઈક ચોરાઈ જશે એવી બીક. એક રીતે એમની પાસે લઈ જવા જેવું કશું નહોતું, છતાં ચોરી જવાનો ડર હતો.

થોડા સમય પછી રમજાનનો મહિનો આવ્યો. એ વખતે શકીનાબાએ ફરી ધીમે ધીમે દરગાહે બેસવાનું શરૂ કર્યું. લોકોએ એમને કપડાં આપ્યાં. કોઈએ થોડા પૈસા આપ્યા. ઘરમાં ફરી થોડીક મૂડી ભેગી થઈ.

અને પછી... ચોર ફરી આવ્યો. ફરી એ જ રીતે ઘરનું તાળું તોડ્યું અને બા પાસે જે કંઈ હતું એ લઈને જતો રહ્યો. આ વખતે તો આ વાત સાંભળતાં મારી સાથે આવેલા કાર્યકર્તાની આંખો પણ ભીની થઈ ગઈ. મને એક ક્ષણ માટે વિચાર આવ્યો, ચોર કદાચ બા કરતાં વધુ જરૂરિયાતવાળો હશે? કે પછી એ નિષ્ઠુર હશે. બાની હાલત જોઈને એમની પાસેનું કશુંય ઝૂંટવી લેવાનો જેના મનમાં રામ વસ્યો હોય એને ખ્યાલ સુદ્ધાં ન આવે, પણ આ ચોર... બાની સ્થિતિ જોઈને કબીર સાહેબનો બહુ જાણીતો દુહો યાદ આવ્યો,

"દુર્બલ કો ન સતાઈએ, જાકી મોટી હાયા બિના જીવ કી સાંસ સો, લોહ ભસ્મ હોઈ જાય॥"

અર્થાત્ નબળા માણસને ક્યારેય ન સતાવવો. તેની હાય શક્તિશાળી હોય. એ આપણી પાસે હોય એ પણ લઈ લે. પણ ખેર, બા માટે ચોરને કોણ સમજાવે. શકીનાબાની જિંદગી આમેય બહુ એકલી. વર્ષો પહેલાં એમના પતિએ એમના દીકરાને પોતાની પાસે લઈ એમને તલાક આપી દીધા. ચાર વર્ષના દીકરાને સાસરિયાઓએ છીનવી લીધો ને એની સામે એ જોરથી અવાજ પણ ન કરી શક્યા. એમણે સાસરું છોડ્યું ને ત્યારથી ત્રણ ભાઈઓ અને એમની મા સાથે તેઓ પિયરમાં આવીને રહ્યાં. પણ હવે... મા નથી. ત્રણેય ભાઈ પણ આ દુનિયામાં નથી.

**ઘરમાં કમાવાવાળું તો કોઈ છે નહીં, માંગીને લાવું ને સારું-ખરાબ જે મળે એમાંથી ઘર ચલાવું**

બધા ચાલ્યા ગયા. એકલા શકીનાબા જ રહી ગયાં. મેં એમને પૂછ્યું, "બા, અમે તમને દર મહિને રાશન આપીએ છીએ, એનાથી તમને નિરાંત થાય છે?"

બા મારી સામે જોઈને બોલ્યાં, "અલ્લાહ તમને બહુ બરકત આપે. તમને ઘણું આપે. મને ઘણી હાશ છે." "બા, તમારા ઘરનું તળિયું બરાબર કરાવીએ? ચોમાસામાં આ માટીના તળિયામાં ગારો થતો હશે ને?" બા કહે, "દિવાળી પર એક ભાઈએ કહ્યું છે કે હું તમને નાની ઓરડી બનાવી આપીશ. એ ન બનાવી આપે તો પછી તમે તળિયું કરાવી આપજો." બા સાથે અમે વાતો કરતા હતા ત્યાં બે ભાઈઓ ગાંડાબાવળને કાપીને લઈને આવ્યા. બા કહે, "હું ઘર ફરતે બાવળની વાડ કરાવું છું. મારી પાસે પૈસા નથી, પણ મેં આમને કહ્યું, માંગીને લાવીશ પણ મને વાડ કરી આપો." આમ જુઓ તો બા મનની શાંતિ માટે વાડ કરતા હોવાનું લાગ્યું. વાડ કરવાથી એમના ઘરમાં ચોરી કરનાર વ્યક્તિ નહીં આવે એની કોઈ ખાતરી નથી. બા ઘરે ન હોય તો એમનું ઘર એવી જગ્યાએ છે કે કોઈ પણ વ્યક્તિ આરામથી ઘરમાં આવી હાથ સાફ કરીને જતો રહે. પણ ખેર, બા મનની શાંતિ થાય એ માટે વાડ કરવાનું કરી રહ્યા હતા. કદાચ વાડ ચોરને નહીં રોકી શકે. કદાચ બા ઘરની બહાર જશે ત્યારે ફરી પણ મનમાં ચિંતા રહેશે કે પાછાં ફરીશ ત્યારે ઘર સલામત હશે કે નહીં. પણ બા માટે વાડ એમના ડરને દૂર કરવાની જાણે આશા. જીવનભર જે કંઈ છીનવાતું ગયું એની વચ્ચે હવે જે થોડું બચ્યું છે, એને સાચવી રાખવાની એક કોશિશ. ચોરને ઈશ્વર-અલ્લાહ સદ્બુદ્ધિ આપે એવી પ્રાર્થના...



# હૈદરાબાદની ચાર મીનારની અસલી કહાની

ઘટ ઘટ પાની

★ માવજી મહેશ્વરી

ભારતનાં મોટાં શહેરોની કોઈને કોઈ એક ઓળખ છે. મોટાભાગનાં શહેરો તેના સ્થાપત્યથી ઓળખાય છે. દિલ્હી લાલકિલ્લાથી, મુંબઈ ગેટ વે ઓફ ઇન્ડિયાથી, દિલ્હી કુતુબમિનારથી, આગ્રા તાજમહેલથી, કલકત્તા હુગલી નદી ઉપર બનાવેલા પુલથી, જયપુર હવા મહેલથી, જોધપુર મેહરાનગઢ કિલ્લાથી એવી રીતે ભારતનું અગત્યનું શહેર હૈદરાબાદ ઓળખાય છે તેની ચાર મીનાર નામની ઈમારતથી. જોકે ચાર મીનાર સ્મારકની વાત નીકળી છે તો આડવાત યાદ કરી લેવી જોઈએ કે ૧૯૮૦ સુધી ભારતમાં એક સિગારેટ બનતી હતી, તેનું નામ હતું ચાર મીનાર. ચાર મીનાર એ ભારતની સૌથી જૂની અને ઐતિહાસિક સિગારેટમાંની એક હતી, જે તેના બળતરા વગરના સ્ટ્રોંગ ફ્લેવર માટે જાણીતી હતી. તે હૈદરાબાદ સ્થિત VST Industries Limited દ્વારા બનાવવામાં આવતી હતી. ૧૯૭૦ના દાયકામાં આ સિગારેટ અત્યંત લોકપ્રિય હતી અને ભારતમાં વેચાતી દર ચારમાંથી એક સિગારેટ ચાર મીનાર હતી. તેના પેકેટની બંને બાજુએ હૈદરાબાદના પ્રસિદ્ધ ચારમિનાર સ્મારકનું ચિત્ર છાપવામાં આવતું હતું.

એક્ટર જેકી શ્રોફ આ બ્રાન્ડની પ્રખ્યાત જાહેરાતમાં 'Relax! Have a Charminar!' ટેગલાઈન સાથે જોવા મળ્યા હતા. બદલાતા સમય અને સ્વાસ્થ્ય જાગૃતિને કારણે આ બ્રાન્ડનું બજાર ઘટ્યું અને હવે આ પરંપરાગત સિગારેટ મોટાભાગે બજારોમાંથી બંધ થઈ ગઈ છે. હૈદરાબાદને એટલે પણ યાદ કરવું જોઈએ કે ભારતને આઝાદી મળી તે પછી સરદાર વલ્લભભાઈ પટેલના પ્રયત્નોથી ભારતના તમામ રાજાઓ પોતાનાં રાજ્યો ભારત સરકારને સોંપી દેવા સહમત થયા હતા, પણ ફક્ત એક જ રાજ્ય હતું હૈદરાબાદ, જે પાકિસ્તાનમાં ભળવા માગતું હતું. હૈદરાબાદના નિઝામે વલ્લભભાઈને કહી દીધું હતું તેઓ ભારત સંઘ સાથે ભળશે નહીં. વાત એટલી વધી પડી કે ભારત સરકાર હૈદરાબાદના નિઝામ સામે લશ્કરી પગલાં ભરવાની તૈયારી કરી ચૂકી હતી. તો આ ચાર મીનાર શું છે? એ કોઈ મસ્જિદ છે, ઈમારત છે? ફક્ત મીનારો છે? અને આજથી પાંચસો વર્ષ પહેલાં ચાર મીનાર બનાવનારાનો હેતુ શું હતો?

**ઇન્ડો-ઇસ્લામિક સ્થાપત્યનો બેનમૂન નમૂનો ગણાતી આ ઈમારત વર્ષોથી દક્ષિણ ભારતની મુલાકાત લેતા વિદેશી પ્રવાસીઓનું આકર્ષણનું કેન્દ્ર રહી છે**

મુસ્લિમ શિયા પંથના સુલતાન મુહમ્મદ કુલી કુતુબ શાહે ઈ.સ. ૧૫૯૧માં તેનું નિર્માણ કરાવ્યું હતું. એક લોકવાયકા મુજબ સુલતાન મુહમ્મદ કુલી કુતુબ શાહીના રાજ્યનું પાટનગર ગોલકુંડા નામનું સ્થળ હતું, પણ ત્યાં કોઈ ભયાનક રોગ ફેલાતાં સુલતાને આ પાટનગરથી આઠ કિલોમીટરના અંતરે નવી રાજધાની બનાવવાનું વિચાર્યું અને તેની મધ્યમાં ચાર મીનાર બનાવીને રાજધાનીના બાંધકામની શરૂઆત કરી. એક લોકવાયકા એવી પણ છે કે આ ચાર મીનારની ઈમારતમાં ભોંયરાં બનાવાયાં હતાં. જો કોઈ વિદેશી આક્રમણખોર રાજ્ય પર આક્રમણ કરે તો રાજાના પરિવારને આ ચાર મીનારથી ભોંયરામાં દૂર સુધી મોકલીને બચાવી શકાય. જોકે, આવા કોઈ ભોંયરાનું હજુ સુધી તો પગેરું મળ્યું નથી.

બહુ ઓછા લોકો જાણતા હશે કે ચાર મીનાર એ માત્ર ચાર મીનારા નથી, પણ તેના અંતિમ માળે એક સુંદર મસ્જિદ પણ આવેલી છે. મુસી નદીના કાંઠે અને લાડ બજાર પાસે આવેલી આ ઈમારતના ચારેય મીનારાઓ મુસ્લિમ સ્થાપત્યના અદ્ભુત નમૂનાઓ છે. ચાર મીનારના સર્જનમાં મુખ્ય ભૂમિકા ભજવનાર સુલતાન મુહમ્મદ કુલી કુતુબ શાહનો મુખ્યપ્રધાન મીર મોમીન અસ્ત્રબાદી હતો. તેણે હૈદરાબાદ શહેરના સર્જન સાથે સૌથી પ્રથમ ઈમારત તરીકે ચાર મીનારનું નિર્માણ કર્યું હતું. આ માટે ભારતીય ઉપરાંત પર્શિયાના ૧૭૦ ઈજનેરોને રોકવામાં આવ્યા હતા. ઈન્ડો-ઈસ્લામિક સ્થાપત્યનો બેનમૂન નમૂનો ગણાતી આ ઈમારત વર્ષોથી દક્ષિણ ભારતની મુલાકાત લેતા વિદેશી પ્રવાસીઓનું આકર્ષણનું કેન્દ્ર રહી છે. હૈદરાબાદ શહેર ચારેય મીનારાઓની દિશાઓમાં વહેંચાયેલું છે. ચાર દરવાજા ઉપરના ચારે મીનારાઓ ૧૬૦ ફૂટ ઊંચા છે. એક મીનારમાંથી મક્કા મસ્જિદ પણ દેખાય છે. એવું કહેવાય છે કે મહમ્મદ કુલી કુતુબ શાહે આ મસ્જિદના બાંધકામમાં વાપરેલી માટી ઈસ્લામ ધર્મના લોકોના પવિત્ર સ્થાન મક્કાથી લાવવામાં આવી હતી. જેને લીધે આ મસ્જિદનું નામ મક્કા મસ્જિદ રાખવામાં આવ્યું હતું. બીજા મીનારમાંથી જ્વેલરીની પ્રખ્યાત લાડ બજાર જોવા મળે છે. ચાર મીનારના છેલ્લા માળ પર આવેલી નાનકડી મસ્જિદમાં શાહી કુટુંબના સભ્યો નમાઝ પઢતા હતા. આ મસ્જિદનું નિરીક્ષણ હવે તો દુર્લભ બની ગયું છે. પરિણામે બહુ ઓછા પ્રવાસીઓ તેનાથી પરિચિત છે. મોટાભાગે સ્થાનિકો અને ઈતિહાસ જાણનારાઓ જ તેનાથી અવગત રહેતા હોય છે. પથ્થરમાં કોતરેલી સુંદર વેલ અને બુટ્ટાઓથી સુશોભિત આ મસ્જિદમાં પ્રવેશવાનાં પાંચ દરવાજા છે. તેને પંજતનના પ્રતિક સમાન માનવામાં આવે છે. ચાર મીનાર પાસેની બજારમાં બંગડી અને મોતીનાં ઘરેણાં ઘણાં લોકપ્રિય છે. જેના પગલે હૈદરાબાદને સિટી ઓફ પર્લ્સના નામથી પણ ઓળખવામાં આવે છે. અહીંનાં મોતી દુનિયાભરમાં પ્રખ્યાત છે, જે હૈદરાબાદના ચાર મીનારની એક વિશિષ્ટ ઓળખ છે. આ ઉપરાંત ત્યાંનું અત્તર પણ પ્રખ્યાત છે. જેની સુગંધની અસર કપડાં ધોવાયા પછી પણ એવી જ રહે છે. એક આંકડા પ્રમાણે, ચાર મીનારની ફરતે નાની-મોટી ૧૪,૦૦૦ દુકાનો આવેલી છે.